ૐ તત્સત્ પરમાત્માને નમઃ

શ્રી આર્યનૈતિક નાટક સમાજ

વડીલશાહી

નાટકનાં ગાયનો તથા ટુંકસાર

છપાવી પ્રસિદ્ધ કરનાર:
શાહ નટુભાઈ [illegible]

છાપ્યું મુકામ —
ભારતભુવન થીએટર. અમદાવાદ

સંવત ૧૯૯૬ ઈ. સ. ૧૯૪૦
આવૃત્તિ ૫ મી પ્રત ૨૦૦૦

॥ ॐ तत्सत् परमात्माने नमः ॥

શ્રી આર્યનૈતિક નાટક સમાજ.

વડીલ શાહી

નાટકનાં ગાયનો

તથા

ટુંકસાર

રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર :

— માલીક —

નકુભાઇ કાળુભાઇ શાહ.

લેખકઃ—પરમાનંદ મણિશંકર ત્રાપજકર.

ધોકાંટા — સંવત ૧૯૯૬

ભારતભુવન થીએટર — ઈ. સ. ૧૯૪૦

આવૃતિ ૫ મી — પ્રત ૨૦૦૧

કિંમત ૪ આના.

પાત્ર પરિચય.

મુખ્ય પાત્રો.

સૂર્યકુમાર—શ્રીમંત છતાં સંયોગોથી ઝગડાયેલો એક આદર્શ યુવક.
શ્રીધર—સમય પ્રમાણે ચાલ ચાલી સ્વાર્થ સાધનાર એક ખેલાડી.
રતનલાલ—[illegible] નાણાંનો [illegible]નાર શેઠ [illegible] શ્રીમંત.
કૃષ્ણકુમાર—એક પ્રતિષ્ઠિત શ્રીમંત! (વડીલશાહીના હિમાયતી.)
અરવીંદ—તેનો આદર્શ પુત્ર.
નિશાનાથ—એક સિદ્ધાંતવાદી શ્રીમંત.
મધુકર—લીલાનો પિત્રાઈ ભાઈ.
સુરેશ—સૂર્યકુમારનો પુત્ર.
નવલરામ—મીસ મધુરીનો પ્રેમી, એક અન્ડરગ્રેજ્યુએટ!
જુગલદાસ—રસિકાના પ્રેમમાં દિવાના બનેલો એક [illegible].
એ સિવાય નોકર, સારજન્ટ, [illegible], સીપાઈઓ, પટાવાળા, ગૃહસ્થો, ચાર. મહેતાજી વિગેરે.

— સ્ત્રી પાત્રો —

યશવંતી—સૂર્યકુમારની સંસ્કારી બેન અસ્વાદની પ્રેમમૂર્તિ
લીલા—નિશાનાથની સ્વચ્છંદી પુત્રી.
અરૂણા—રતનલાલની પુત્રી.
હિરા શેઠાણી—જુની રૂઢીનાં બંધનોને માનનાર નિશાનાથની પત્નિ.
કૃષ્ણા—શ્રીધરની અભણ પત્ની.
મધુરી—નવલરામનું પ્રેમપાત્ર
રસિકા—જુગલદાસનું પ્રેમપાત્ર.
એ સિવાય સુનંદા પદમા. સ્ત્રીઓ, સખીઓ, નાચનારીઓ વિગેરે.

સ્થળ—રાજનગર
સમય—ચાલુ.

ॐ तत्सत परमात्माने नमः

વડીલ શાહી.

નાટકનો ટુંકસાર.

મંગળાચરણ

ઇશ્વર સ્તુતિ—અને—વસ્તુ સુચન.

અંક પહેલો

પ્રવેશ ૧ લો— સુર્યકુમારનું મકાન.

સુર્યકુમારની બ્હેન યશવંતી સહામાં ખુવાર થયેલા પોતાના ભાઇની તેમજ કુટુંબની પરિસ્થિતી પર વિચાર કરી રહી છે. તેનો પ્રેમી અરવિંદ ઇંગ્લાંડથી પરીક્ષામાં પાસ થઇને આવ્યો છે એ ખબર આવવી, યશવંતીનું આ ખબર સાંભળી આનંદિત થવું. ત્યાં શ્રીધર નામના દલાલનું આવવું. યશવંતીને રતનલાલ શેઠ સાથે લગ્ન કરવા સમજાવે છે, યશવંતી એ વાતનો ઇન્કાર કરે છે, સુર્યકુમારનું આવવું, શ્રીધરને ધીટકાર નિશાળેથી ભુખ્યા થયેલા પુત્ર સુરેશનું આવવું શ્રીમંતાઇના શિખરેથી ગરીબાઇમાં ગબડી પડેલા કુટુંબનો હૃદયભેદક ચિતાર

રતનલાલ શેઠનું બેલીફ સાથે આવવું પોતાના લેણા નીકળતા ત્રીસ હજાર રૂપીયાના બદલામાં યશવંતીના હાથની માગણી કરવી. સુર્યકુમાર એ વાતનો ઇન્કાર કરે છે રતનલાલ સુર્યકુમારને જેલમાં મોકલાવે છે.

(ટેબ્લો)

પ્રવેશ ૨ જો શ્રીધરનું મકાન.

સુધરેલી ઢબના શ્રીધર અને તેની ગામડીયણ પત્નિ કૃષ્ણાનો ગ્રહસંસાર, મીસ મધુરી અને તેના કોલેજ મીત્ર નવલરામનું આવવું. બુદ્ધિ પરીક્ષા માટે બન્નેનું શરતમાં ઉતરવું. શરત પુરી ન થાય ત્યાં સુધી નવલરામ સત્ય બોલવાનું કબુલ કરે છે. અને મધુરી જુઠું બોલવાનું કબુલ કરે છે. ને બન્નેનું બુદ્ધિ પરીક્ષાનું યુદ્ધ શ્રીધરના ઘરથીજ શરૂ થાય છે. બન્ને શ્રીધરના મેહમાન બને છે ગામડીયણ પત્નિથી કંટાળેલો શ્રીધર મધુરીને નવલરામની બહેન સમજી તેના પર આશક થાય છે, સાચુ ન બોલી શકવાથી મધુરી મુંઝાય છે ને નવલરામને હર્ષ થાય છે.

પ્રવેશ ૩ જો કૃષ્ણમણી શેઠનો મહાલય.

પોતાનો પુત્ર અરવિંદ પરીક્ષામાં પાસ થયો હોવાથી કૃષ્ણમણી શેઠે શહેરના ગૃહસ્થોને પાર્ટી આપેલ છે. નિશાનાથ જે. પી. નું આવવું. પોતાની પુત્રી લીલા સાથે અરવિંદનું વેવીશાળ કરવાની કૃષ્ણમણી શેઠ પાસે

માગણી કરે છે. કૃષ્ણમણી કબુલ થાય છે, વેવીશાળ નક્કી થયું. યશવંતીનેજ ચાહનાર અરવિંદનો વિરોધ! કૃષ્ણમણીનો ક્રોધ! બીજી તરફથી યશવંતીનુ આવવું. અરવિંદની લાચાર હાલત. અરવિંદનું વેવીશાળ થયું. સાંભળી યશવંતીને થતો આઘાત, પોતાનું લુંટાતું ધન પાછું આપવા કૃષ્ણમણીને વિનંતિ તેના જવાબમાં કૃષ્ણમણી શેઠ યશવંતીને ધક્કા મારી પોતાના મકાનની બહાર કાઢે છે.

— ડ્રોપ —

પ્રવેશ ૪ થો નિશાનાથ જે. પી. નો બગીચો.

નિશાનાથ જે. પી. ની પુત્રી લીલાનું વેવીશાળ અરવિંદ સાથે થયું તેની ખુશાલીમાં સખી વૃંદ લીલાને મુબારકબાદી આપી જાય છે, લીલા પોતાના ભુતકાળના અપવિત્ર જીવન પર વિચાર કરે છે. નિશાનાથની પત્નિ હીરા શેઠાણી અને દલાલ શ્રીધરનું આવવું પોતે કરેલી મહેનતના બદલામાં શ્રીધર શેઠાણી પાસેથી હીરાનો હાર પડાવે છે, નિશાનાથનું આવવું હીરા શેઠાણી લીલાના લગ્ન જલદી પતાવી નાખવા નિશાનાથને સમજાવે છે.

પ્રવેશ ૫ મો કૃષ્ણમણી શેઠનું દિવાનખાનું

લગ્નગ્રંથીથી જોડાઈ ગયેલા અરવિંદ અને લીલા પ્રથમ મીલનેજ લીલા અરવિંદ આગળ પોતાનું પાપ પ્રગટ કરે છે. યશવંતીના પ્રેમનો વિશ્વાસઘાત કરનાર અરવિંદ આ

હકીકત સાંભળી આઘાત અનુભવે છે. લીલાને તેના ચાહ- નાર યુવક સાથે લગ્ન કરવા સમજાવે છે. પરંતુ લીલાને અવળે માર્ગે દોરવનાર તેના પીત્રાઈ ભાઈ મધુકરજ છે. એ જાણી અરવિંદ વધુ મુંઝાય છે. અરવિંદના સંસારની અને હૃદયની વીચીત્ર હાલત વડીલોયે કરેલા લગ્ન પર કરૂણ દ્રષ્ટિપાત

પ્રવેશ ૬ ઠો શ્રીધરનું મકાન.

મધુરી પાછળ દિવાના બનેલ શ્રીધરની વધતી જતી વાહ્યડાઇ જુઠું બોલવા બંધાયેલ મધુરી વધુ ફસાતી જાય છે. ને સત્ય બોલવા બંધાયેલ નવલરામ પોતાનો માર્ગ વધુ સરળ કરતો જાય છે આ બધુ ધાંધલ જોઇ શ્રીધરની પત્નિ કૃષ્ણાને થતો બળાપો. જુગલદાસ નામના યુવકને ચાહતી શ્રીધરની બહેન રસીકા અને નવલરામનો મેળાપ, મધુરીનું ચીડાવું,

પ્રવેશ ૭ મો નિશાનાથ જે. પી. નો બંગલો.

નિશાનાથને ત્યાં અરવિંદનું લીલા સાથે આવવું નિશાનાથને સત્ય હકીકત જાહેર કરવી, હીરા શેઠાણીએ અત્યાર સુધી છુપાવેલો લીલાનો ભુતકાળ જાણી નિશાનાથને થતો આઘાત; પોતાની પુત્રીનું જીવન બગાડનાર મધુકરને ઘરમાંથી હાંકી કાઢવા સમાજના બંધનોથી બંધાયેલો નિશાનાથ પોતાની પુત્રીનો પણ તીરસ્કાર કરે છે, પતીત થયેલી લીલાનો સ્વીકાર કરી તેને સંઘરવા અરવિંદ તૈયાર થાય છે,

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો શેઠ રતનલાલનો મહાલય.

પાંચ પાંચ વાર પરણી ચુકેલા છતાં સુરાને સુંદરીના ગમનાગમન સેવી રહેલા શેઠ રતનલાલ, અભ્યાસ પુરો કરીને ઘેર આવેલી તેની પુત્રી અરૂણનું આવવું ! પિતાને પુત્રીનો મહા દ્વેશ ત્યાં અરવિંદના પ્રેમમાં નિરાશ થયેલી યશવંતીનું આવવું, પોતાના બાપને જેલમાંથી છોડાવવા માટે યશવંતી રતનલાલને પરણવા તૈયાર થાય છે, રતનલાલનો હર્ષ સુર્યકુમારની મુક્તિ, રતનલાલ અને યશવંતીનો હસ્તમેળાપ સૂર્યકુમારનું આવવું ! યશવંતીના વૃદ્ધ સાથે થયેલાં લગ્ન જોઈ ઉશ્કેરાવું પોતાની નિર્દોષ બહેનનું બળીદાન લેનાર રતનલાલ જેવા સમાજદ્રોહીઓ પર સુર્યકુમાર વેર લેવાનો નિશ્ચય જાહેર કરે છે, ગભરાયેલો રતનલાલ પોલીસની મદદ માગે છે, ત્યાં અરૂણા આવી સુર્યકુમારનો બચાવ કરે છે, સૂર્યકુમાર અને અરૂણાનું દ્રષ્ટિમીલન.

ટેબલો.

પ્રવેશ ૨ જો રસ્તો

કૉલેજ લાઇફમાં રસીકાના પ્રેમમાં દિવાના બનેલા જુગલદાસ નામના કૉલેજીયનનું નીકળવું. નવલરામ અને મધુરનો જુગલદાસને મેળાપ થાય છે. એ બન્ને આશક,

તેને થતો રસીકાનો મેળાપ મધુરી અને નવલરામ બન્ને પ્રેમીઓને સ્હાય કરવા તૈયાર થાય છે નવલરામ જુગલદાસને પોતાના ભાઈ તરીકે ઓળખાવી શ્રીધરના ઘરમાં પ્રવેશ કરાવે છે.

પ્રવેશ ૩ જો રતનલાલ શેઠનો મહાલય

વૃદ્ધ રતનલાલને લગ્ન પછી સતાવી રહેલ યશવંતીને મળવા અરવિંદનું આવવું યશવંતીના વચન સાંભળી અરવિંદ પોતે કરેલી ભુલની સજા ભોગવવા તૈયાર થાય છે. ત્યાં રતનલાલનું આવવું, બન્નેને એકલા જોઈ વ્હેમાવું. યશવંતી રતનલાલને વધુ હેરાન કરે છે ને યુકિતથી રતનલાલના સન્મુખેજ પોતાના પવિત્ર રહેલા જીવનની કથા અરવિંદને સંભળાવે છે, યશવંતી અરવિંદને પોતે કરેલા લગ્નનો અર્થ સમજાવી વિદાય કરે છે. આ ઉધ્ધતાઈથી ચીડાયેલો રતનલાલ યશવંતીને ચાબુક મારવા જાય છે ત્યાં સમાજ સામે બહારવટીયો બનેલો સુર્યકુમાર આવી તેને તેમ કરતાં અટકાવે છે,

(ટેબલો)

પ્રવેશ ૪ થો જાહેર બગીચો.

સમાજના શ્રીમંતોને લુટી રહેલો લુટારો સુર્યકુમાર કૃષ્ણમણીની શેઠના રૂપીયા દશ હજાર લુટી ગયો છે તેના શોધમાં કૃષ્ણમણીનું આવવું, વેશ બદલી સુર્યકુમાર કૃષ્ણમણીને કેદ કરે છે પોતાના છુપા રહેઠાણ પર મોકલી આપે છે.

રતનલાલ શેઠને ત્યાં નોકર રહેલો મધુકર તેનીજ પાંચમી વારની પત્નિને લઇને ભાગી નીકળ્યો છે તે આ રસ્તે થઇને નીકળે છે, સુર્યકુમાર બન્નેને કબજામાં લે છે, પિતાનો પત્તો મેળવવા પોલીસ પાર્ટિ સાથે અરવિંદનું આવવું, બીજી તરફથી અરૂણુ અને રતનલાલનું આવવું, અનેક ફરીયાદોના નોંધ લઇ પોલીસ ઓફીસર અને અરવિંદ પોલીસ પાર્ટિ સાથે લુટારાની પાછળ રવાના થાય છે, બીજી બાજુ સુર્યકુમાર તરફ આકર્ષાએલી અરૂણા પિતાનો આશ્રય તજી જાય છે.

પ્રવેશ ૫ મો શ્રીધરનું મકાન.

નવલરામના ભાઇ તરીકે શ્રીધરના મકાનમાં ઘુસેલો જુગલદાસ રસિકાને ભગાડી લઇ જાય છે. નવલરામ અને મધુરી પણ ચોરી કરી પલાયન થાય છે શ્રીધર તેમની પાછળ પડે છે.

પ્રવેશ ૬ ઠો રતનલાલનો મહાલય

લગ્ન પછી ચાર મહીના વીતી ગયા છતાં યશવંતીના હૃદયને કે શરીરને સ્પર્શી ન શકેલો રતનલાલ યશવંતીને આજે પરાણે પોતાની બનાવવા તય્યાર થાય છે. ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખી પોતે કરેલા નિશ્ચય મુજબ યશવંતી રતનલાલનો હૃદય પલટો કરાવવા તૈયાર થાય છે યશવંતીની વિનંતી; અને સમજાવટ સામે રતનલાલ તેના પર બળાત્કાર કરવા ધસે છે. એક પુત્રી પિતાને જે પ્રેમથી ભેટે તે પ્રેમથી ભેટવા યશવંતી પણ આગળ વધે છે પણ સત્ય સામે અસત્યની હાર થાય છે, પુન્યના

પ્રકાશમાં પાંચ સળગી જાય [illegible] ભેગા રહેલા [illegible] તેના સ્પર્શ થતાંજ રતનલાલનો હૃદય પલટો થાય છે. તેને પુત્રી તરીકે સ્વીકાર કરી તેના ચરણમાં ઝુકી પડે છે તેજ વખતે અહિલ્યાની રક્ષા માટે આવેલો સમાજ શત્રુ સુર્યકુમાર દાખલ થાય છે. તેનું પગલે પગલું સુંઘી રહેલી પોલીસ પણ તેની પાછળજ આવે છે. સાચા રાહ પર આવેલો રતનલાલ સુર્યકુમારને પકડાવી પોલીસને આધીન થાય છે: સુર્યકુમારનું અદૃશ્ય થયું.

(ટેબ્લો)

અંક ત્રીજો.

? ? ?

શાંતિ ! શાંતિ ! શાંતિ !

સમાપ્ત.

૧૧ ૨૨૬૧૬

વડીલ શાહી.

નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર— ૧

વંદુ પદ પ્રણુવાકાર દયા સિન્ધુ દિનદયાળ,
તરણી ત.રો વિશ્વપાલ સુખકર સ્મરણુતવ,
દુઃખ હરણુ તારક કૃપાલ,
તું ગણનાથ કરે શુભ પ્રથમનામ સુખધામ.
કષ્ટ કાપે તું તમામ ગર્વગંજન દુઃખભંજન.
ભવસિન્ધું તારનાર........વંદુ

બાળાઓ— ૨

વડીલ શાહીનાં કડવાં બંધન આજ ન ચાહે કોઇ,
કનક પાત્રમાં વિખડાં પીરસો આજ ન ચ.હે કોઇ,
ચાહે છે દુઃખનો નાશ યુવકને મન સુખની અભિલાષ
જુનામાં શો વિશ્વાસ રચાતા સંસ્કૃતિના ઇતિહાસ
બાપ તણે કુવે બુડવાનું આજ ન ચાહે કોઇ.

બાંધ્યા નહિં બંધાય, એ જુના સુત્રો રડતાં જાય
દેશ કાળ બદલાય, સમાજે નવલા સરજન થાય.
સોમણુ તેલે આ અંધારાં આજ ન ચાલે કાંઇ.

યશવંતી—

૩

લક્ષ્મી કોની કાયમ રહી છે પળમાં આવીને વહી ગઈ છે.
સાગરમાં એ જન્મી તેથી ખારાશ બધે પ્રસરી રહી છે
માનવ એનો કાં મોહ ધરે જાશે ત્યારે નહી ખબર પડે:
મહેલોમાં વસનારા જનને જીવનભર આંસુ દઈ ગઇ છે.
વિષ્ણુ ચરણે સ્થીર ના બેસે તો જન પાસે ક્યાંથી રહેશે.
કોઈની થઇ ના કે થાવાની અનુભવ સહુને આપી રહી છે.
લક્ષ્મી કોની..........

કૃષ્ણા—

૪

અમે હૈયાની વાત કોને કહીએ મુંઝાઇને રહીએ,
કહીએ તો કોને કહીએ.
એક જીવનમાં લાખ દર્દ હૈયે મુંઝાઇને રહીએ,
કહીએ તો કોને કહીએ.
પહેલાં કહેતા કે તું આંખોનું નુર છે,
પ્રીતમનું દિલ હવે મારાથી દુર છે.
ઘરને છોડીને ક્યાં જઇએ મુંઝાઇને રહીએ
કહીએ તો કોને કહીએ....અમે

શ્રીધર—　　　　૫

પૂછીએ જગતના જરદારોને પૈસા કેમ કમાયા
શેર અને સટ્ટાઓ ખેલી વ્યાજ વટાવ વટાવ્યા,
પોતાને હસવાને માટે, હસતાં કૈંક રડાવ્યાં—પૂછીએ
ભાગ્ય રૂપી વર્ષા વરસી ત્યાં ક્ષણ ભર સૌ છલકાયાં,
નદી અને નાળાંઓ આખર સાગરમાં સોષાયાં,
મોટાઓ જીવે નાનાથી રચી પ્રભુએ માયા—પૂછીએ

નૃતિકાઓ—　　　　૬

ઘર ઘરમાં ફરતો ફરે નટ ખટ નંદ કિશોર
મન મટકીને લઈ જતો મહી માખણનો ચોર
સખી જો મટકી ચોરી જાય માખણ ચોર કનૈયો
મહીડા છાનાં ચોરી ખાય માખણ ચોર કનૈયો
વૃંદાવન વાટે ઘાટે ફરતી કાનુડા માટે
બાંધુ પણ ત્યાંથી છૂટી જાય માખણ ચોર કનૈયો
માનું છું પાડ તમારો યશોદાજી એને વારો
નગણો છે નંદ દુલારો કાળો પણ કામણગારો
દેવાં એ દુખડાં દેતો જાય માખણ ચોર કનૈયો....સખી

લીલા સખીઓ– ૭

પ્રેમી જનની છાની વાતો પ્રેમી જાણે કોઈ શું જાણે,
તરસ્યા પ્રેમીને પ્રેમ કથા ચાતક જાણે કોઇ શું જાણે.
ચિત્વવી ચિત્તચોર સદાય હસે પણ ચંદ્ર ગગનમાં દુર વસે,
એ પ્રેમી ચકોર તણા ભાવો કોઈ શું જાણે ....પ્રેમી
અધરે અધરે ડંખી જાતો એ મધુકર કમળે બંધાતો.
ભોળા મનડાની પ્રેમવ્યથા નવ તું જાણે નવ તું જાણે
ઘાયલ જાણે....પ્રેમી જનની છાની વાતો

સખી– ૮

ભણ્યા પુસ્તક પણ ભેદ ના ભણાયા પ્રેમ જ્ઞાન કેવાં હશે?
થતી તૃપ્તિ કે તરસના છીપાય પ્રેમ પાન કેવાં હશે?
ગાજે છે મેહુલો ને નાચે છે મોરલો
કુળી કેલડી ત્યાં લળી લળી જાય પ્રેમ તાન એવાં હશે?
પારધી આવીને બીનને બજાવે
ભોળી હરણી ત્યાં બાણુથી વિંધાય, પ્રેમ ધ્યાન એવાં હશે?

રસિકા નવલરામ– ૯

માન ભયા મહેમાન કહોને મનડું કયાં જઈ ઠરશે
તમને કેવી પત્નિ ગમશે

ભોળી બાગડી કે ગુણવાળી કાળી ચંચલ ગમશે
તમને કેવી પત્નિ ગમશે

રૂપ શોધતાં ગુણ ન મળશે ગુણ શોધતાં રૂપ ન મળશે
વધુ ભણેલી તમને છોડી પુસ્તક લઇને ભમશે
તમને કેવી પત્નિ ગમશે

સંસ્કારને કે સુધરેલી હોય આંખડી અમી ભરેલી
પ્રેમપૂજારી બની અમારી પાછળ ઘેલી ફરશે
અમને એવી પત્નિ ગમશે

અંક ૨ જો.

વારાંગનાઓ— ૧૦

રયનગઇ દીલચયન નહિં
મય અબલા કમજોર
બીનતી મોરી માનલે
ચતુરા ચિત્ત કે ચોર

છોટોજી સૈયાં મોરી બારી ઉમ્મરીયાં
બારી ઉમ્મર લગ જાય ન નજરીયાં
બીરહાકી મારી કાહે કારી કટારીયાં (૨) છોટોજી

માનુના બક્ષમા તોરી જાદુ ભરી બત્તીયાં
જીયરા લુભાવે નોરી ધરકત છતીયાં
આવો સોહાવો મોરી સુની સેજરીયાં (૨)
છોડોજી સૈયા

૧૧

પ્રભુને પૂજનારાઓ પ્રભુતા પેખશો ક્યારે ?
ગરીબમાં હું વસેલો છું મ્હને ત્યાં દેખશો ક્યારે ?
મ્હને પુષ્પો ચડાવો છો મુગટ વાગા ધરાવો છો
ગરીબમાં હુંજ છું, મ્હારા શરીરને ઢાંકશો ક્યારે ?
ઉભી મારી પ્રતિમા ત્યાં મીઠા પકવાન લાવો છો
ગરીબમાં હું ભુખે વલખું મ્હને ખવડાવશો ક્યારે ?
પતિતને હું કરૂં પાવન પછી અભડાવછો શાના
સહુ–જનમાં હરીજન હું, મને અપનાવશો ક્યારે ?

જુગલદાસ–

૧૨

ભુલવા મ્હને કહો છો, સ્મરણો ભુલાય ક્યાંથી ?
કોઈ પ્રેમીજનને પુછો પ્રેમી ભુલાય ક્યાંથી ?
સુણી મધુર બંસી, ઘેલી બનીને આવે.
એ કૃષ્ણના હ્રદયથી, રાધા ભુલાય ક્યાંથી ? ભુલવા
મજનુની આંખડીમાં કીકી બનીને બેઠી
દિલથી કે દ્રષ્ટિએથી લયલા ભુલાય ક્યાંથી ? ભુલવા

જુગલદાસ રસિકા– ૧૩

મ્હને કહેશો બાંધ્યા પછી ન તુટે એ પ્રેમ તાર કેવા હશે?
કોઈ છોડે તો છોડતાં ન છુટે એ પ્રેમ તાર કેવા હશે? મ્હને

ભાવના ભરેલા એ ભાવોને જાણે
ઘાયલ જે હોય એજ ઘાવો પિછાણે

પ્રેમ મોતી એ ફોડતાં ન ફુટે એ પ્રેમતાર કેવા હશે? મ્હને

હૈયાં વિંધાયા છે પ્રેમતણા બાણે
કાંતો હું જાણું ને કાંતો તું જાણે

પ્રેમ અમૃત પાતા પીતાં ન ખુટે એ પ્રેમ તાર કેવા હશે મ્હને?

યશવંતી– ૧૪

જગતમાં જીવનારાઓ, સહન કરતાં શીખી લેજો
હસીને ભાર સંકટનો વહન કરતાં શીખી લેજો
જીરવજો ઝેર દુનીયાનાં, બીજાને આપજો અમૃત
કદિ કોઇ શીશ કાપે તો નમન કરતાં શીખી લેજો
નથી સુખમાં કદિ તૃપ્તિ, નથી દુઃખ કદિ શાન્તિ
અહિં સુખ દુઃખમાં સરખું જીવન જીવતાં શીખી લેજો

યશવંતી- ૧૫

સારસને પાંખો છતાં ઉડી અલગ નવ થાય
વસમાં બંધન પ્રેમનાં ટાળ્યા કેમ ટળાય.

સમજે મનમાં સહુ સંસાર પ્રીતિ બંધન છે વસમાં
કાચા ગુંથ્યા એના તાર તોયે બંધન છે વસમાં

બળવામાં શું મજા પરવાના જાણતા
જયોતે બનતા એકાકાર, પ્રતિબંધન છે વસમાં

સ્નેહ બંધન બાંધ્યા સંસારે એ બંધન ભવ પાર ઉતારે
આધીન સરજનહાર પ્રીતિ બંધન છે વસમાં

રસિકા જુગલદાસ- ૧૬

બન્ને પ્રેમ તણાં પંખીડાં પાંખો ફફડાવી ઉડયાં
કહેશે હૈયાં પ્રેમે જુડયાં..........ઉડયાં ઉડયાં

એનાં નયને ભાવો જાગ્યાં, એના દિલમાં ખંજર વાગ્યાં
આખર સ્નેહી જનને ત્યાગ્યાં.......ઉડયાં ઉડયાં

કહેશો મને એ પ્રેમમાં પુષ્પો હશે કંટક હશે,
અશ્રૂ હશે, મસ્તી હશે, જીવન હશે, મૃત્યુ હશે.

ઘાવો નથી લાગેલ એ, ના દર્દને જાણી શકે
પ્રેમમાં શું શું હશે, એ પ્રેમીઓ જાણી શકે

છાનાં છાનાં જાદુ જોયાં; ત્યારે મનના કાબુ ખોયા
પ્રીતિ મારગડામાં મોહ્યા...........ઉડયાં ઉડયાં

અંક ૩ જો.

સમાજ સેવીકાઓ– ૧૭

આત્મભોગે અવનીમાં સુત્ર સ્થાપો સેવા સમાનતાનાં
સ્વાર્થ ત્યાગે જીવનમાં મુલ્ય માપો સેવા સમાનતાનાં
સુણ્યા નથી સુણાતા આ ગરીબના વિલાપો;
ભુખે ઉઠે છે ભડકા તો કષ્ટ કૈક કાપો........આત્મ
આ વિશ્વ છે વ્યાપી હિંસા ને પ્રતિ હિંસા,
હણનારથી હણાજો પણ પાળજો અહિંસા
આદર્શ મંત્ર આપો સેવા સમાનતાનાં........આત્મ

યશવંતી, અરવિંદ– ૧૮

હું રામ બનું તારો કે કૃષ્ણ બની જાઉં,
કરમાં કમાન ધારૂં કે બંસરી બજાવું....હું રામ
(મ્હારે એક વાંધો છે....શું)
જો રામ બનો હો તો વનવાસ પડે જાવું,
મ્હારા બનો કનૈયા રાધા બની રીઝાવું....હું રામ
(કૃષ્ણ બનું એ તારા લાભની વાત નથી, કારણ કે)
જો કૃષ્ણ બનું છું તો મ્હારે હજાર ગોપી
તો રામ બનું તારો હું પત્નિવ્રત દીપાવું....હું રામ

(ના ના તમે તો કનૈયાજ બનો)
(કૃષ્ણ થઇશ તો વિયોગતો વેઠવો પડશે, ક્યારે)
હું ધર્મ યુદ્ધ ક્ષેત્ર થઈ સારથી સીધાવું.
(જાવ જાવ....કેમ !)
તે દિન કૃષ્ણ જીએ ગીતા બનીને આવું....હું રામ

૧૯

નવલરામ, મધુરી, શ્રીધર, કૃષ્ણા, જુગલ, રસિકાઃ -

સાચાને આંચ ન આવે, સંદેશ અમારો કહેજો,
(સરસ ના કેમ કહેવાય)
સાચું તે તો સોનું છે, ને કથીર જુઠ્ઠાણું હોય
સોનાને સૌ સંઘરશે, પણ કથીર ન ચાહે કોઇ
કા આવે શબ્દોમાંતો, અનુભવ કરીને જોજો....સાચાને
સાચાને ભગવાન ઉગારે, ડુબતી નૌકા પળમાં તારે,
સત્ય રચ્યું છે સરજનહારે, હસી હસી પહોંચાય કિનારે
શાણા સમજી લેજો.......સાચાને

સમાપ્ત.

આ ચોપડી જૈન એડવોકેટ પ્રી. પ્રેસમાં વાડીલાલ બાપુલાલ શાહે
છાપી. ઠે૦ ઘીકાંટારોડ જેશીંગભાઈની વાડી, **અમદાવાદ.**